**ગુજરાત સરકાર**
**વિકસતિ જાતિ કલ્યાણ ખાતું**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

ફોટો

**સા.શૈ.પ.વ.ના લેખકો, સાહિત્યકારો અને પી. એચ. ડી. ધારકોને તેમના સાહિત્ય પ્રકાશન માટે નાણાંકીય સહાય મેળવવાની અરજીપત્રક.**

| | | |
|---|---|---|
| ૧. | સાહિત્ય/સંશોધકનું નામ (અટક પહેલાં લખવી) | |
| ૨. | પૂરેપૂરૂં સરનામું | |
| ૩. | કાયમી સરનામું | |
| ૪. | જાતિ/પેટા જાતિની વિગતો (જાતિ પ્રમાણપત્રની નકલ જોડવી) | |
| ૫. | સાહિત્ય સર્જન કેટલા સમયથી કરો છો? | |
| ૬. | અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલ સાહિત્ય અંગેની સંક્ષિપ્ત વિગતો (સાથે જોડવી) | |
| ૭. | પ્રકાશિત કરવાના સાહિત્યની વિગતો | |
| ૮. | પ્રકાશકનું નામ અને સરનામું | |
| ૯. | પ્રકાશન પાછળ થનાર અંદાજીત ખર્ચની વિગત | |
| ૧૦. | પ્રકાશન કેટલા સમયમાં પૂર્ણ થશે | |
| ૧૧. | પ્રકાશન ક્યારે પ્રસિદ્ધ થશે ? | |

**સ્થળ :**

**તારીખ :** **અરજદારની સહી**

## સા.શૈ.પ.વ.ના લેખકો, સાહિત્યકારો અને પી. એચ. ડી. ધારકોને તેમના સાહિત્યના પ્રકાશન માટે નાણાંકીય સહાય આપવા અંગેના નિયમો

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ : ૧૮/૧/૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૧/ન. બા.-૩૦/અ-૧થી સા.શૈ.પ.વ.ના સાહિત્યકારો, સર્જકો, સંશોધકો અને પી.એચ.ડી. ધારકોને તેમના લખાણો પ્રસિદ્ધ કરવા માટે રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) સુધીની સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંગેની સામાન્ય શરતો નીચે મુજબ છે.

૧. સા.શૈ.પ. વર્ગની વિવિધ સમસ્યાઆ સંબંધિત લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે જ સહાય મેળવવાપાત્ર રહેશે.

૨. આ સહાય કેવળ મૌલિક લખાણો માટે જ મળી શકશે. અન્ય કોઇપણ અનુદાન માટે સહાય મળી શકશે નહીં.

૩. **શરતો :-**

(ક) સહાય માટે પાત્ર ઠરેલી હસ્તપ્રત માટે વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦ (દશ હજાર)ની મર્યાદામાં હસ્તપ્રતની ૫૦૦ નકલોના મુદ્ણ અંગે કરેલા ખરેખર ખર્ચના ૭૫ ટકા સહાય આપવામાં આવશે. પરંતુ કોઇપણ કિસ્સામાં સહાયની રકમ રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા)થી વધશે નહીં મંજૂર કરાયેલ સહાયની કૃતિ પ્રકાશિત કરી તેના મુદ્ણ અંગેના વાઉચર નિયામક, વિકસતી જાતિ કલ્યાણને રજૂ કર્યેથી સહાયની રકમ ચુકવવાપાત્ર થશે.

(ખ) પ્રગટ કરેલી નકલોની સંખ્યા ૫૦૦ કરતાં ઓછી હોવી જોઇશે નહીં.

(ગ) પ્રગટ કૃતિની ૧૫ નકલો વિનામૂલ્યે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને આપવાની રહેશે.

(ઘ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારની નાણાંકીય સહાયથી પ્રકાશિત કર્યું. એવી ઋણ સ્વીકારની પંક્તિ અંદરના મુખ્યપૃષ્ઠની પાછળ સ્પષ્ટ રીતે છપાવવાની રહેશે.

(ચ) પ્રગટ થતી કૃતિમાં કોઇ જાહેરાત કે કોઇ પ્રકારનો વેપાર વિષયક સંદેશો લઇ શકાશે નહીં.

(છ) નિયામક, વિકસતી જાતિ કલ્યાણની પૂર્વ મંજૂરી સિવાય આયોજના હેઠળ સહાય મંજૂર કરવામાં આવી હોય તેવી હસ્તપ્રતમાં કોઇ સુધારો કરી શકાશે નહીં.

(જ) હસ્તપ્રત મંજુરીના હુકમની તારીખથી એક વર્ષમાં પ્રગટ કરવાની રહેશે. સમયમર્યાદામાં પ્રગટ નહીં કરનારની સહાય આપોઆપ રદ થયેલી ગણાશે. નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણને પોતાને એમ કરવું જરૂરી જણાય તો સહાય મંજૂર કરતા હુકમ હેઠળ ઉપર જણાવેલી શરતો ઉપરાંત બીજી શરતોનું પાલન કરવાનું આવશ્યક બનાવી શકાશે.

(ઝ) હસ્તપ્રતની જોડણી સરકાર માન્ય ગુજરાત વિદ્યાપીઠની સાથે જોડણીકોશ પ્રમાણે રાખવાની રહેશે.

(ટ) મળેલ સહાયની રકમ અન્ય કોઇ ખાનગી પ્રકાશન કે સંસ્થાને તબદીલ કરી શકાશે નહીં તથા તે માટેની આર્થિક સહાય અન્યત્રેથી મેળવી શકાશે નહીં.